# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૯/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બરની લેડીઝ વીંગ દ્વારા 'અલ્ટર્નેટીવ ઓફ સ્કૂલીંગ, પોટેન્શીયલ ફોર સેલ્ફ એમ્પ્લોયમેન્ટ એન્ડ સેલ્ફ એમ્પાવરમેન્ટ ફોર વિમેન' વિશે અવેરનેસ સેશન યોજાયું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વીગ દ્વારા તા. ૨૮ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ સાંજે ૪ કલાકે સમૃદ્ધિ, નાનપુરા ખાતે 'અલ્ટર્નેટીવ ઓફ સ્કૂલીગ, પોટેન્શીયલ ફોર સેલ્ફ એમ્પ્લોયમેન્ટ એન્ડ સેલ્ફ એમ્પાવરમેન્ટ ફોર વિમેન' વિશે અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વેદાસ એજ્યુકેશનના ફાઉન્ડર ડાયરેકટર અને પ્રયાસ ચેરીટેબલ ફાઉન્ડેશનના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રીમતી બાલાસરસ્વતી નાયર દ્વારા આજની શિક્ષણ પદ્ધતિમાં ખુટતી કડીઓ અને ઘરે રહીને પણ કઈ રીતે ઉચ્ચ શિક્ષણ મેળવીને જીવનમાં આગળ વધી શકાય તે વિશેની જુદી–જુદી પદ્ધતિ વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ અવેરનેસ સેશનમાં સર્વેને આવરી પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, આજના યુગમાં હોમ સ્કૂલીગ અને અલ્ટર્નેટીવ ઓફ સ્કૂલીગ તરફ વાલીઓ આકર્ષાઇ રહયાં છે. આજની માતાઓ માટે બાળકોનું સ્કૂલીગ એ ખુબ જ મહત્વનો મુદ્દો બની ગયુ છે અને સ્કૂલીગની સાથે સાથે બાળકોની સંપૂર્ણ પ્રગતિ માટે દરેક ગૃહિણીએ ખુબ જ સમય ફાળવવો પડે છે અને તેથી બીજો કોઈ વ્યવસાય કરવાનો અથવા એમ્પાવરમેન્ટનો સમય એમની પાસે રહેતો નથી. વિદેશમાં સ્કૂલના વિકલ્પ માટે ખુબ જ વિચાગોષ્ઠીઓ પણ ચાલી રહી છે અને તે સંદર્ભમાં આજે આપણા નિષ્ણાંત વકતા આ દિશામાં માર્ગદર્શન આપશે.

વકતા શ્રીમતી બાલાસરસ્વતી નાયરે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે 'અલ્ટર્નેટીવ ઓફ સ્કૂલીગ, પોટેન્શીયલ ફોર સેલ્ફ એમ્પ્લોયમેન્ટ એન્ડ સેલ્ફ એમ્પાવરમેન્ટ ફોર વિમેન' આ એક એવો વિષય છે જેનાથી દેશના બધા બાળકો અને સ્ત્રીઓને ફાયદો થઇ શકે છે. રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ મુજબ દેશના દરેક બાળકોને મફત અને ફરજીયાત ભણતર હોવું જોઈએ. પરંતુ આ ભણતર પ્રાપ્ત કરવા માટે સ્કૂલ રહેઠાણથી ખૂબ જ દુર હોય અથવા

તો વાલીઓ પાસે એટલા રૂપિયા નહી હોય કે બાળકોને તેઓ સ્કૂલ મોકલવાનો ખર્ચ ઉઠાવી શકે. આજના યુગમાં ભણતર ખૂબ જ મોંઘુ પણ થઇ ગયુ છે. આથી આપણે જોઇએ કે મહિલાઓ ઘણી સારી ભણેલી હોય છે પણ તેઓને નોકરી કરવા જવાની મંજૂરી આપવામાં આવતી નથી. કેટલાક કિસ્સાઓમાં એવું જોવા મળતું હોય છે. જો આ મહિલાઓ તાલીમ મેળવીને પોતાનું સશકિતકરણ કરે તો તેઓ ઘરે બેઠા આ બાળકોને પોતે જ સારું એવું ભણાવી શકે.

વિમેન એમ્પાવરમેન્ટ વિશે તેમણે કહયુ હતુ કે, મહિલા ઉદ્યોગ સાહસિકો માટે સરકારે ઘણી બધી સ્કીમો બહાર પાડી છે કે જેનાથી તેઓ પગભર થઇ શકે અને અન્યોને પણ રોજગારી આપી શકે છે. મહિલા ઉદ્યોગ સાહસિકો બાળકો માટે સમય ફાળવીને પોતાની હોમ સ્કૂલીંગ ચાલુ કરી શકે છે. તેમણે વધુમાં કહયુ હતુ કે, બાળકોને શું ભણવું જોઇએ તે એનસીઆરટી જેવી ઓથોરીટી નકકી કરે છે. પુસ્તક તો સારા જ હોતા હોય છે પણ ભણાવવાવાળા સારું ભણાવે તે વધારે જરૂરી હોય છે. તેમણે વિવિધ બોર્ડ જેવા સીબીએસઇ, આઇસીએસઇ, આઇજીસીએસઇ અને આઇબી વિશે વાલીઓને સમજણ આપી હતી.

શ્રીમતી બાલાસરસ્વતી નાયરે અલ્ટર્નેટીવ એજયુકેશન વિશે કહયુ હતુ કે, ઘણા વાલીઓ એવું વિચારતા હોય કે તેઓના બાળકોને સ્કૂલે મોકલીએ તો ઘણો બધો સમય વેડફાઇ જાય. આથી તેઓ હોમ સ્કૂલીંગ દ્વારા બાળકોને ઘરે જ ભણાવતા હોય છે. પરંતુ કયારેક એવુ બને કે ઘરે બધા વિષયો ભણાવી શકાતા ન હોય તો અન્ય મહિલાઓ એકત્રિત થઇને પોતાના જ્ઞાનને વહેંચી બાળકોને ભણાવી શકે છે. મહિલા સશકિતકરણ ખૂબ જ મજબુત એરીયા છે, જેનાથી ઘણી બધી મહિલા કાર્યરત થઇ શકે છે. જો તેઓ પોતાની સ્કીલમાં વધારો કરે તો તેઓ બાળકો માટે ઘરે જ એવો માહોલ ઉભો કરી શકે છે. શિક્ષિત મહિલાઓ ઈચ્છે તો બાળકોને ઘરનો પ્રેમ, ઘરનો માહોલ, શિક્ષા, ઘરના વડીલોની મોરલ વેલ્યુ, ટેકનોલોજીનો પ્રયોગ અને પ્રકૃતિ શિક્ષણ આપી બાળકો માટે એક નવી દુનિયા બનાવી શકે છે. ઘરે ભણીને પણ બાળકો ઉજજવળ ભવિષ્ય બનાવી શકે છે.

આ અવેરનેસ સેશનમાં ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી પુર્વીબેન મહેતા તથા મહિલા સભ્યો શ્રીમતી નમ્રતાબેન દેસાઇ, શ્રીમતી પ્રજ્ઞાબેન અને શ્રીમતી જયોતિબેન લાલવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. અવેરનેસ સેશનમાં વકતાએ બાળકો તથા વાલીઓના સવાલોના સંતોષકારક જવાબ આપ્યો હતો. લેડીઝ વીંગના મહિલા સભ્ય શ્રીમતી મયૂરીબેન મેવાવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.